## 1. વિકાસ એટલે શું? વિકાસ માટેના નીતિ આયોગની સમજૂતી આપો.

- વિકાસ એટલે માત્ર બુદ્ધિ નહિ, વિકાસ એ સતત ચાલતી પ્રવૃત્તિ છે. તે અત્યંત જટિલ પ્રક્રિયા છે સામાન્ય રીતે વિકાસ બે રીતે થાય છે. (1) સ્વાભાવિક એ કુદરતી માર્ગે થતો વિકાસ (2) આયોજિત વિકાસ આયોજિત વિકાસ જે સભાનપણે રાજય દ્વારા થતો હોય છે. આ વિકાસમાં બે બાબતોનો વિકાસ થતો જોવા મળે છે.
- આ વિકાસમાં સામાજિક વિકાસ કે જે સમાજના સંગઠનો તેની કાર્યપ્રણાલીને થતો વિકાસ છે. જ્યારે આર્થિક વિકાસ એ રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, રોજગારીની નવી તકોનું સર્જન, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણનો નિર્દેશ કરે છે.
- ભારત દેશમાં આર્થિક સામાજિક વિકાસના ધ્યેયો સિદ્ધ કરવા માટે 1950 માં "આયોજન પંચ"ની રચના કરવામાં આવી. આયોજન પંચ એ બંધારણ થી સ્વાયત સંસ્થા છે. પંચવર્ષીય યોજનાઓ દ્વારા દેશે આર્થિક અને સામાજિક ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી.
- પરંતુ, 1991 પછી ભારતમાં જે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણના નવ પ્રવાહો અને નવી અર્થનીતિની શરૂઆત થઈ ત્યાં આ સંસ્થા કરતાં પણ વધુ મોકળાશવાળી આધુનિક સંસ્થાની જરૂરિયાત ઉદ્ભવી જે બાબતે આયોજન પંચના સ્થાને નીતિ આયોગ નામની નવી સંસ્થાને જન્મ આપ્યો. The national institute for transforming India. (NITI) ભારત સરકારની નીતિ ઘડતર માટેની થિંકટેંક છે.
- 1લી જાન્યુઆરી, 2015ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અધ્યક્ષ સ્થાને નીતિ આયોગની સ્થાપના થઈ. નીતિ આયોગની સ્થાપના અંગેના હેતુઓ નીચે મુજબ છે.

  (1) દેશના સામાજિક અને આર્થિક પ્રશ્નોને લગતી નીતિઓનું ઘડતર લોકશાહી યુક્ત ચર્ચાવિચારણા અને નિષ્ણાતોના માર્ગદર્શનથી કરવું.

  (2) વૈશ્વિક સ્તરે પરિવર્તન થઈ રહ્યા છે. ત્યારે વિશ્વમાં ભારતને યોગ્ય સ્થાન અપાવ્યું.

  (3) રાજય સરકારોની આર્થિક નીતિ ઘડતરમાં સામેલ કરવા તથા પ્રોત્સાહન આપી ભાગીદાર બનાવવા, જેનું કારણ પાયામાંથી ટોચ તરફનો અભિગમ ઉજાગર થાય છે. (સત્તાનું વિકેન્દ્રીકરણ)

  (4) કેન્દ્ર અને રાજયના સંબંધોને સુધારવા આ માટે "સહકાર યુક્ત હરીફાઈવાળું સમવાયીતંત્ર" વિકસાવવાની માંગ કરી છે.

  (5) દેશના વિકાસ માટે દરેક રાજય સરકારને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું.

  (6) વૈવિધ્યસભર ભારત દેશમાં દરેક રાજયના સામાજિક અને આર્થિક વિકાસના વિવિધ તબક્કા છે. તેથી તેમના વિકાસ માટે અગાઉના આયોજન પંચનું એક જ સ્વરૂપનું અભિગમ યોગ્ય નથી તેવું નીતિ આયોગ માને છે. આ હેતુઓની સિદ્ધ કરવા નીતિ આયોગનું સંગઠન એક ચિંતન કરતી સંસ્થા તેમજ સ્વરૂપનું છે. નીતિ આયોગના
- સંગઠનની રચના : (a) ભારતના વડાપ્રધાન હોદાની રૂએ નીતિ આયોગના અધ્યક્ષ રહેશે.

  (b) સંચાલક પરિષદ કે જેમાં તમામ રાજયોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાયબ રાજયપાલ સમાવેશ થશે.

  (c) પ્રાદેશિક પરિષદ જે તે પ્રદેશમાં આવતા રાજયોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાયબ રાજયપાલોની બની રહેશે. તેની બેઠક એક કરતાં વધુ રાજયો અથવા પ્રદેશના ચોક્કસ પ્રશ્નોની તથા અન્ય બાબતોની વિચારણા માટે મળશે. આ બેઠકનું સંચાલન નીતિ આયોગના અધ્યક્ષ અથવા તેમના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવશે.

(d) આવા સંગઠનમાં સંબંધિત જ્ઞાન ધરાવનાર નિષ્ણાતો અને પ્રેક્ટિશનની વડાપ્રધાન ખાસ આમંત્રિત તરીકે કરશે.

નીતિ આયોગના સભ્યો : (1) અધ્યક્ષ તરીકે ભારતના વડાપ્રધાન

(2) પૂર્વકાલીન ત્રણ સભ્યો : જેમાં અર્થશાસ્ત્રી, ડીઆરડીઓના પૂર્વ વડા અને કૃષિ વિષયક નિષ્ણાતોનો સમાવેશ.

(3) ખંડ સમયના સભ્યો જેમાં વધુમાં વધુ બે અગ્રણી યુનિવર્સિટીના સંશોધન સંગઠનમાંથી અને બીજા સંબંધિત સંસ્થાઓમાંથી હોદાની રૂએ સભ્યો બનશે. આ ખંડ સમયના સભ્યો વારાફરતી બદલાતા રહેશે.

(4) હોદાની રૂએ સભ્યો : વડાપ્રધાન દ્વારા પ્રધાનમંડળમાંથી નિમણુક પામેલા ચાર સભ્યો.

(5) મુખ્ય કારોબારી અધિકારી : ભારત સરકારના સેક્રેટરી કક્ષાના હશે તેઓની નિમણુ કે વડાપ્રધાન ચોક્કસ સમય માટે કરશે.

(6) વધારાના સેક્રેટરીની નિમણૂક જરૂરિયાત પ્રમાણે કરવામાં આવશે. ઉપરોક્ત બાબતોને આધારે નીતિ આયોગની કેટલીક આગવી વિશેષતાઓ તારવી શકાય છે. નીતિ આયોગ એ બંધારણ દ્વારા તૈયાર થયેલી સંસ્થા છે. નીતિ આયોગ એ આયોજન પંચનું કામ સંભાળે છે અને દેશ માટે ચિંતનાત્મક સંસ્થા તરીકેનું કામ કરે છે. જુના આયોજન પંચ કરતાં વધુ ગતિશીલ અને અલગ અલગ રાજયો અને પ્રદેશોને સાંકળવાનું કામ કરે છે.

- કેન્દ્ર સરકાર આયોજન કરે તેના બદલે રાજયોના મુખ્યપ્રધાનો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નાયબ રાજયપાલોની બનેલી પરિષદ સામાજિકઆર્થિક વિકાસ માટેના વિવિધ નીતિઓ અને કાર્યક્રમનું ઘડતર કરે છે. નવી ઔદ્યોગિક નીતિના પરિણામે ભારતમાં જોવા મળતી. ઉદારીકરણ ખાનગીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયાને વેગ આપવા માટે અને સ્પર્ધાત્મક બજારમાં ભારતની યોગ્ય સ્થાન અપાવી અપેક્ષા નીતિ આયોગ પાસેથી રખાય છે. દેશમાં કેન્દ્ર અને રાજયો સહકારથી કામ કરે.
- આંતરિક મતભેદો ભુલીને પોતાનો વિકાસ થાય તે માટે કાર્ય કરતી સંસ્થા. દેશના વિકાસ માટે આગામી 15 વર્ષોનું વિઝન રાખીને કામ કરે છે. સમયના પ્રવાહ સાથે આ સંસ્થા કેટલી અસરકારક ભૂમિકા ભજવે છે તે ચકાસવાનું હજુ બાકી છે. આ માટે સમયની રાહ જોવા પડશે, બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિ સાથે કદમ મિલાવવા માટે ભારત જેવા સમવાય તંત્રને પોસવા માટે આવી એજન્સીઓ અનિવાર્ય બની છે.

## 2. ભારતમાં વિકાસ માટેની વિવિધ એજન્સીઓની ચર્ચા કરો.

- મહાત્મા ગાંધીજીએ સત્તાનું વિકેન્દ્રીકરણ અને નિમ્ન સ્તરના લોકોના સશક્તિકરણ પર ભાર મૂક્યો, જેના પરિણામે 1957માં ભારત સરકારે નિયુક્ત કરેલ બળવંતરાય મહેતા સમિતિની ભલામણના આધારે પંચાયતી રાજની સ્થાપના કરી.
- 1978માં ભારત સરકારે પંચાયતી રાજના અમલના મૂલ્યાંકન માટે બીજી એક પેટા સમિતિ તૈયાર કરી, આ સમિતિના અહેવાલ પ્રમાણે રાષ્ટ્રના વિકાસ કાર્યો માટે રાજયસ્તરની અને સત્તાના વિકેન્દ્રીકરણ માટેના પ્રથમ બિંદુ તરીકે જિલ્લો હોવો જોઈએ. આ ભલામણને ધ્યાનમાં રાખીને સરકારે જિલ્લાને મહત્ત્વ આપ્યું. જીલ્લા વિકાસ એજન્સીનું મહત્ત્વ નીચેના કારણોસર અગત્યનું છે.

  (1) જીલ્લો સ્થાનિક લોકોની નિટકનું એકમ છે.

  (2) તે આયોજન એકમ તરીકે કામ કરી શકે એટલો વિસ્તૃત છે.

  (3) ઐતહાસિક કારણોસર અને વિવિધ વિભાગોનાં દફતરો અને રેકોસ જીલ્લા કક્ષાએ હોય છે.

(4) જીલ્લા વહીવટથી લોકો પરિચિત હોવાથી આયોજન અને વિકાસનું કામ પણ જીલ્લા દ્વારા યોગ્ય રીતે થઈ શકે છે.

- જીલ્લા વિકાસ એજન્સીઓ નીચે મુજબના વિવિધ કાર્યો કરવાના હોય છે,

  (1) સ્થાનિક વિસ્તારની આવશ્યકતાઓ અને ઉદ્યોગોને નિશ્ચિત સ્વરૂપ આપવું દા.ત. રોજગારી સર્જન.

  (2) જીલ્લાના કુદરતી અને માનવીય વિકાસની સૂચિત ક્રમિકતા બનાવવી.

  (3) જીલ્લા કક્ષાએ યોજનાઓનું ઘડતર અને તેનું અમલીકરણ કરવું.

  (4) જીલ્લા યોજનાઓ, કાર્યક્રમોનું પુનઃઅવલોકન અને તે કરવું. તેનું સતત આકલન, સમીક્ષા અને તે પર સતત રાખવી.

- જીલ્લા વિકાસ એજન્સીઓ ગતિશીલ બને તે માટે જ પચંયાતો, તાલુકા પંચાયતો, નગર અને મહાનગર પાલિકાઓ છે. તે વિસ્તારના વિધાન સભ્યો અને સાંસદ, કામદાર મંડળ પ્રતિનિધિઓ, ઉદ્યોગ સાહસિકો અને બેંકના પ્રતિનિધિઓની સમાવેશ આ એજન્સીમાં કરવામાં આવ્યો છે.

- જીલ્લા વિકાસ એજન્સીઓ ગતિશીલ બને તે માટે જીલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગર અને મહાનગર પાલિકાઓ જે તે વિસ્તારના વિધાનસભ્યો અને સાંસદ, કામદાર મંડળના પ્રતિનિધિઓ, ઉદ્યોગ સાહસિકો અને બેંકના પ્રતિનિધિઓનો સમાવેશ આ એજન્સીમાં કરવામાં આવ્યો છે. જીલ્લા વિકાસ એજન્સીઓ વર્તમાન સમયમાં જીલ્લા સચિવાલય કે સેવાસદન સ્વરૂપે નોંધપાત્ર કામગીરી કરી રહી જિલ્લા વિકાસ એજન્સી પોતાનું કાર્ય સુચારુ રીતે કરે તે માટે પંચાયતો તાલુકા પંચાયતો નગરપાલિકાઓ અને મહાનગરપાલીકાઓ, જિલ્લાના વિધાનસભ્યો અને સંસદસભ્યો કામદાર પ્રતિનિધિ મંડળના સભ્યો અને બેંકોના પ્રતિનિધિઓનો સમાવેશ એજન્સીમાં કરવામાં આવે છે.

- 1991 માં ભારતીય વડાપ્રધાન નરસિંહરાવની આગેવાની હેઠળ બંધારણમાં સુધારા કરીને પંચાયતીરાજને વધુ સુસજ્જ કરવામાં આવી. જે અંતર્ગત બંધારણના 73 બંધારણીય સુધારાને પંચાયતી રાજ અને 74માં સુધારાયે નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓની બંધારણીય દરજ્જો આપ્યો. આ બંધારણ હેઠળ તેઓ નિયમિત રીતે પોતાની ચૂંટણીઓ, નાણાકીય નીતિ અને કાર્યો અંગે સ્પષ્ટતા કરવામાં આવી.

- આમ થવાથી જિલ્લા વિકાસના કાર્યો વધુ ઘનિષ્ઠ સાચી અને કાર્યક્ષમતા રીતે શક્ય બનશે. સ્થાનિક સંસ્થાઓમાં સરપંચ, પ્રમુખ અને મેયરના પદો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સીઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ વિકાસના કાર્યનો લાભ પ્રત્યક્ષ સમૂહને પહોંચે તે માટેનું છે. અને તેનાથી લોક ભાગીદારી વધે તેવો ઉમદા હેતુ છે.

- આયોજન પંચના સ્થાને જ નીતિ આયોગ આવ્યું ત્યારે વિકાસના મોટાભાગના કાર્યો અને તે અંગેના આયોજન કરવાની જવાબદારી રાજયોની સોંપવામાં આવી જે અંતર્ગત 33 ટકાને બદલે 42 ટકા નાણાં ફાળવવામાં આવશે, જેથી સ્થાનિક કક્ષાએ વાર્ષિક અંદાજપત્ર દ્વારા પોતાની આગામી વર્ષોમાં વિકાસ કાર્યમાં લક્ષાંકો આયોજિત થઈ શકે છે. તેથી જ રાજયના મુખ્ય એકમ તરીકે જીલ્લાનું સ્થાન અને ભૂમિકા વિકાસલક્ષી કાર્યો માટે ખૂબ જ મહત્ત્વનાં બનતા જાય

3. વિકાસ અને લોકશાહીનો સંબંધ સવિસ્તાર સ્પષ્ટ કરો.

- આર્થિક વિકાસની બાબતોમાં માનવ વિકાસ કેન્દ્ર સ્થાને છે. કોઈપણ દેશના તમામ માણસો એક સમાન વિકાસ કરી શકતો નથી. ભારત જેવા લોકશાહી રાજય માટે સમાનતાના ધોરણે વિકાસ થાય તે અત્યંત જરૂરી છે. સમાજના નબળા માનવ સમૂહ વધુ સંભાળ લેવાય તે વધારે ઈચ્છનીય છે.
- પ્રોફેસર જહોન : સમાજમાં પાછળ રહી ગયેલા લોકોને વધુ મદદ કરવામાં આવે તો તે અન્યને અશાય ગણાતું નથી. ભારતમાં નબળા વર્ગોમાં અનુસૂચિત જાતિઓ sc, અનુસૂચિત જનજાતિઓ ST અન્ય પછાત જૂથોની OBC સાથે સાથે મહિલાઓ અને લઘુમતીઓ, બાળકો અને દિવ્યાંગોનો સમાવેશ થાય છે. સરકારે પોતાના બંધારણના અલગઅલગ સુધારા કરીને અનુસૂચિત જાતિ જનજાતિ અને અન્ય પછાતવર્ગો અને મહિલાઓના વિકાસ માટે વિશિષ્ટ આયોજન હાથ ધરેલ છે.
- અનુસૂચિત જાતિઓ (SC) : ભારતની જ્ઞાતિ વ્યવસ્થાના વર્ષોથી જે જ્ઞાતિને અસ્પૃશ્ય ગણવામાં આવતી તેને ભારતીય બંધારણે અનુસૂચિત જાતિમાં સમાવેશ કરેલ છે દેશની 16.8 ટકા જેટલી વસ્તી આ અનુસૂચિત જાતિમાં આવે છે. વર્ષોથી ભારતમાં અલગ અલગ ધર્મસુધારક અને સમાજસુધારક અને સ્વાતંત્ર સંગ્રામના કેટલાક નેતાઓએ જાતિઓના ઉત્કર્ષ માટે અનેક પ્રયત્નો કર્યા ભારત સરકારે પણ કાયદા અને બંધારણમાં જોગવાઈ દ્વારા વિવિધ કાર્યક્રમો અમલમાં મૂક્યા.
- અનુસૂચિત જનજાતિઓ (ST): ડુંગરો અને અંતરિયાળ પ્રદેશોમાં રહેલા લોકોની સામાન્ય રીતે આપણે આદિવાસી તરીકે ઓળખીએ છીએ. દેશની લગભગ 8.6 ટકા વસ્તી આ આદિવાસી પ્રજાતિની છે. એ સામાજિક આર્થિક વિકાસની દ્રષ્ટિએ આજની તારીખે પણ ઘણા પાછળ છે. સરકારે બંધારણમાં તેમનો ઉલ્લેખ અનુસૂચિત જનજાતિઓ તરીકે સ્વીકારેલ છે.
- વિકાસ કાર્યક્રમો : અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિના સામાજિક અને આર્થિક વિકાસ થાય તે માટે સરકાર નોંધપાત્ર કામગીરી કરે છે. જેમાં કેન્દ્ર સરકારની વસ્તી શિક્ષણ નીતિ, મહિલા સશક્તિકરણ, રાજય સરકારની પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપવાની નીતિ, સરકારી નોકરીઓમાં સ્થાનિક લોકોને પ્રાથમિકતા આપવાની નીતિ વગેરે મુખ્ય છે.
- આવા કાર્યક્રમોમાં ખાસ કરીને શિક્ષણ ભવનનું નિર્માણ, નોકરીની વધુ સારી તકો અને જે વિસ્તારમાં તેમની વસતી કેન્દ્રિત થઈ છે તેવા વિસ્તારોમાં સમાવેશ થાય છે. તેમની સજ્જતા વધારવા વિશિષ્ટતાઓના તાલીમ વર્ગોની વ્યવસ્થા કરવામાં આવે છે. તેઓની સ્વરોજગારી મળે તે માટે જરૂરી એવું માર્ગદર્શન આપવામાં આવે છે. પોતાના ઉદ્યોગો શરૂ કરવા માટે રાહત દરે લોન અપાય છે.
- ઈન્દિરા આવાસ યોજના સરદાર આવાસ યોજના અને જવાહર રોજગારી યોજનાના લાભ આ બંને માનવ સમુદાય ખાસ મળે તે માર્ટ કાર્યક્રમ હાથ ધરાય છે, પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલય અને વીજળી જેવી પાયાની સવલતો અપાય તેની ખાસ કાળજી લેવામાં આવે છે.
- અન્ય પછાત સમૂહ (OBC) : ભારતમાં અનુસૂચિત જાતિ જનજાતિ સિવાય પણ સામાજિક આર્થિક અને શાણિક રીતે બીજી અનેક પ્રજાતિઓ છે કે જયારે અન્ય પછાત વર્ગો તરીકે ઓળખવામાં આવે છે. માટે ભારત સરકારે કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા વિવિધ પંચોની નિયુક્તિ કરવામાં આવી છે અન્ય પછાત વર્ગો માટે કાકાસાહેબ કાલેલકરના અધ્યક્ષ પદે પ્રથમ પંચની રચના કરવામાં આવી. પરંતુ આ પંચના અહેવાલોનું ભારત સરકારે આ મંડલ પંચની ભલામણોનો સ્વીકાર કર્યો.

- 1992 માં કેન્દ્ર સરકારે પછાત વર્ગો માટેના નાણાં અને વિકાસ સંબંધિત કોપરિશની રચના કરી આ કસોટી અન્ય પછાત જ્ઞાતિઓમાં બાળકો માટે શિષ્યવૃત્તિ છાત્ર એવી સગવડ જાહેર પરીક્ષા માટે કોચિંગ ક્લાસની સગવડ અને આ ક્ષેત્રોમાં કામ કરતા સંગઠ્નોને મદદ કરવાની કાર્ય કરે છે. ગુજરાત સરકારે અન્ય પછાત વર્ગોના વિકાસ માટે 1976 માં બક્ષીપંચની નિયુક્તિ કરી અને આ પંચના અહેવાલ ગુજરાત સરકારે સહર્ષ સ્વીકાર કરીને તેનો અમલ કરવામાં આવ્યો છે.

4. મહિલા વિકાસ અને મહિલા કલ્યાણ માટેના પ્રયત્નોનું મૂલ્યાંકન કરો.

- વિશ્વની જનસંખ્યામાં 50% જનસંખ્યા મહિલાઓની છે મહિલાઓએ સમાજનું અડધું અંગ છે. મોટાભાગના દેશોમાં અલગઅલગ કારણોસર મહિલાઓને પુરુષો દ્વારા કેટલાક મૌલિક અધિકારો આપવામાં આવ્યા નહોતા. જેને પરિણામે સમાજમાં મહિલાઓનું સ્થાન કંઈક અંશે ઉતરતી કક્ષાનું હતું. દેશની આઝાદી પછી ભારતમાં બંધારણે મહિલાઓને સમાન મૂળભૂત હક્કો આપ્યા છે.
- રાજયના માર્ગદર્શન સિદ્ધાંતોમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવભર્યું વર્તન દાખવવામાં ન આવે, તેને સમાજ કામ માટે સમાન વેતન મળે, તેમના આરોગ્યની જાળવણી થાય, કોઈ પણ પ્રકારના શોષણ ન થાય પ્રસ્તુતિ સમયે જરૂરી રજાઓ ચાલુ પગારે અપાય વગેરે બાબતો સૂચન કર્યું છે.
- 1976 માં બંધારણમાં ઉમેરાયેલા મૂળભૂત ફરો જો માં મહિલાઓની ગરીમા અથવા ગૌરવની હાનિ પહોંચાડે કે અપમાનિત કરે તેવા વ્યવહારો નહી કરવાની પ્રત્યેક નાગરિકની ફરજ દર્શાવવામાં આવી છે. ભારત સરકારે મહિલાઓના કલ્યાણ અને વિકાસ માટે તબક્કો અનુસાર વિવિધ નીતિઓ તૈયાર કરી છે. જે બે સ્વરૂપે છે.

  (1) કાયદાઓના ઘડતર અને તેનો અમલ. (2) સરકારી કાર્યક્રમો કરવા અને તેનો અમલ.

  (1) કાયદાઓના ઘડતર અને તેનો અમલ : આઝાદીના 65 વર્ષોમાં મહિલાઓને સમાનતા આપવા અને તેમના કલ્યાણ માટે ભારતીય સંસદે નીચે મુજબના કાયદાઓ પસાર કર્યા. 1954 નો ખાસ લગ્નવિષયક ધારો. 1955 નો હિંદુ લગ્ન ધારો. 1961 નો દહેજ પ્રતિબંધક ધારો  1961 નો શ્રમીક કે નોકરી કરતી સ્ત્રીને પ્રસૂતિ સમયે ચાલુ પગારે રજા આપવાનો ધારો.
- 1971ના ગર્ભપાત પ્રતિબંધક ધારો.  1976નો સમાન ભથ્થા અંગેનો ધારો. 1978માં બાળવિવાહ પ્રતિબંધક ધારો.1984નો દહેજ પ્રતિબંધક ધારો. 1986નો મુસ્લિમ મહિલા ધારો.  1987માં સતીપ્રથ પ્રતિબંધિત ધારામાં સુધારો. 1994માં ગર્ભપરીક્ષણ પ્રતિબંધક ધારો.  2002માં મહિલા યૌન સતામણી પ્રતિબંધક ધારો. 2005માં હિન્દુ વારસા ધારામાં સુધારો (પૈત્રિક મિલકતોમાં પુત્રીને પુત્ર જેટલો સમાન અધિકાર) 2005માં ઘરેલુ હિંસા સામે સ્ત્રી સુરક્ષા ધારો. 2013નો મહિલાઓની કામના સ્થળે જાતીય સતામણી રોકતો ધારો.
- 2013નું ફોજદારી કાયદામાં સુધારો કરતો થયો કે જેમાં સ્ત્રીઓ ઉપર ફેંકવામાં આવતા એસિડ કે અનિચ્છાએ ફોટોગ્રાફ લેવા કે તેઓના સન્માન અને સ્વમાનના રક્ષણ માટે શિક્ષાત્મક જોગવાઈ કરતો ધારો. ભારત સરકારે ફોજદારી ધારામાં બળાત્કારને ગંભીર ગુનો ગણી કડકમાં કડક સજાની જોગવાઈ કરી છે.
- આવા કિસ્સાઓને ધ્યાનમાં લઈને જ 2015 માં સંસદે પુણ વયની ઉંમર 18 વર્ષથી ઘટાડીને 16 વર્ષ કરી છે. ન્યાયતંત્રે પણ મહિલાઓના હિતોના રક્ષણ માટે અનેક ચુકાદા આવ્યા છે, 2007 માં મુસ્લિમ મહિલાઓના તલાક સંન્દર્ભમાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે.

(2) સરકારી કાર્યક્રમો કરવા અને તેનો અમલ : ગુજરાત સરકાર અને ભારત સરકારે પોતપોતાની કક્ષા પ્રમાણે મહિલાઓના ઉત્કર્ષ માટે કલ્યાણકારી વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ભારત સરકારે અત્યાર સુધી નીચે મુજબના મહિલાઓના કલ્યાણ માટે કાર્યક્રમો અમલમાં મૂક્યા છે :

- 13 પંચવર્ષીય યોજનાઓમાં મહિલા અને બાળ કલ્યાણના અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા. 1954માં ભારત સરકારે કેન્દ્રીય સામાજિક કલ્યાણ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમો અમલમાં મૂક્યા. 1986માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી જેમાં કન્યા કેળવણી અને મહિલા સ્વરોજગારીને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમો અમલમાં મુકાયા 1995માં કેન્દ્ર કક્ષાએ મહિલા અને બાળ વિભાગની રચના થઈ.
- જે મહિલાઓને સંગઠિત કરીને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવાનો મુખ્ય હેતુ ધરાવે છે. 1998 માં ગ્રામીણ મહિલા વિકાસ અને સશક્તિકરણ યોજના અંતર્ગત મહિલાઓને ગ્રામસ્તરે રોજગારી પ્રાપ્ત થાય તે માટે જરૂરી એવા પ્રોત્સાહન પૂરું પાડવા માટેની વિવિધ યોજનાઓ સરકારે કરી. ગુજરાત સરકારે પણ મહિલાઓ માટે પણ અલગ અલગ કાર્યક્રમો કર્યા છે. જેમાં, મહિલા ઉદ્યોગ તાલીમ યોજના. કૃષિ તાલીમ યોજના. સખીમંડળ યોજના, કુંવરબાઈનું મામેરું યોજના, સરસ્વતી સાધના યોજના, ચીરંજીવી યોજના, કિશોરી શક્તિ યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજના, માતૃ વંદના યોજના, શક્તિ મંડળ યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના, મહિલા વૃદ્ધ આશ્રમ અને નારી અદાલતો.જેવા મહિલાના સુરક્ષાના વિવિધ કાર્યક્રમો મુખ્ય છે. 2015માં મહિલાઓની સુરક્ષા માટે ગુજરાત સરકારે "અભયમ" 181 નામની સેવા શરૂ કરી છે.
- આ ઉપરાંત ગુજરાતમાં કન્યા કેળવણીના ભાગરૂપે વિધાર્થીઓને પ્રાશ શાળાથી અનુસ્નાતક સુધી શિક્ષણની નિશુલ્ક સેવા અપાઈ. ગુજરાત એસટી નિગમમાં ગ્રામીણ કક્ષાની વિદ્યાર્થીણીઓને શિક્ષણ માટે નિશુલ્ક પાસે સગવડ છે. વર્તમાન સમયમાં ગજ સરકારે પ્રાથમિક શાળામાં શિક્ષકોની ભરતીમાં અને સ્થાનીક સંસ્થાઓમાં 33% અનામત આપવામાં આવે છે. આમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે પ્રામાણિકતાથી મહિલા કલ્યાણ માટેના પ્રયત્નો કરતી હોય તેવું જોવા મળી રહ્યું છે, અને ઘણાં બધાં ક્ષેત્રે સર્વોચ્ચ સ્થાનો મહિલાઓ સંભાળી રહી છે.

## 5. મહિલા સશક્તિકરણની પ્રક્રિયાથી વિગતે સમજૂતી આપો.

- પોતાના હકો તથા હિતોની જાળવણી માટે બીજા પર આધાર ન રાખે અને વ્યક્તિ જાતે સ્વાવલંબી બને તેને સશક્તિકરણ કહેવાય. "મહિલાઓને નિર્ણય પ્રક્રિયાના ઘડતરમાં અને તેના અમલમાં ભાગીદાર બનાવી પંચાયતથી પાલમેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય લેનાર સંસ્થાઓમાં તેમજ સરકારી માળખામાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે મહિલા સશક્તિકરણ.".
- આ સશક્તિકરણ સામાજીક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક એવા તમામ સ્તરે થવું જોઈએ. મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે, જે મહિલાઓને પોતાના હકો દ્વારા પોતાની સમસ્યાઓના સામના માટે તૈયાર કરે છે. મહિલા સશક્તિકરણ ક્ષેત્રે વિવિધ સરકારોએ અસરકારક પગલાં ભરેલ છે. જેમાં,

  (1) રાષ્ટ્રીય મહિલા પંચની સ્થાપના : 1990માં સંસદે "રાષ્ટ્રીય મહિલા પંચ"ની સ્થાપના કરી.

  (2) મહિલા પંચ : 1992 માં સ્થપાયેલ મહિલા પંચ મહિલાઓના વિકાસ અને સુરક્ષા માટે ચિંતન કરી સરકારને સૂચનો આપે છે. જે અંતર્ગત બંધારણીય સુધારા 73 અને 74માં મહિલાઓને સ્થાનિક સરકારોમાં 33 % બેઠકો અને હોદાઓ અપાયા. (ગુજરાત સરકારે 2015માં આ બેઠકો 50 %ની કરી છે.)

(3) મહિલા સશક્તિકરણ નીતિની જાહેરાતઃ 2001 માં કેન્દ્ર સરકારે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે આ નીતિની જાહેરાત કરી. જેમાં મહિલાઓ માટે આર્થિક સામાજિક વાતાવરણનું નિમણિ કરવું, માનવીય અધિકારો, સ્વાચ્ય સંભાળ સુરક્ષા, પ્રભાવશાળી ન્યાય પ્રથા પર ભાર મૂકવામાં આવ્યો. 2002 માં "મહિલા સશક્તિકરણ વર્ષની ઉજવણી કરાઈ.

- સરકાર મહિલાઓના ઉત્કર્ષ માટે સતત પ્રયત્ન કરે છે. છતાં 2011ની માહિતી મુજબ મહિલાઓ અને પુરુષો વચ્ચેની સંખ્યામાં તફાવત (1000 પુરુષો સામે માત્ર 919 સ્રીઓ) અને સાક્ષરતાના દરમાં જોવા મળતો મોટો તફાવત (પુરુષોના 82.14 % સારતાં દર સામે સ્રીમાં આ દર 65.46 % છે.) દર્શાવે છે કે મહિલા સશક્તિકરણની પ્રક્રિયા વધુ ઘનિષ્ઠ બનાવવી પડશે.